Shri Greater Bombay Vardhman Sthanakvasi Jain Mahasangh

Conducted

MATUSHRI MANIBEN MANSHI BHIMSHI CHHADVA DHARMIK SHIKSHAN BOARD

Website : jainshikshan.org E-mail : jainshikshanboard@gmail.com

# ૧૧ ઓગસ્ટ ૨૦૧૯ — ઉત્તર પેપર - ગુણ - ૧૦૦

## સર્ટીફીકેટ કોર્સ શ્રેણી – ૬

**પ્રશ્ન -૧ (અ) સૂત્ર વિભાગ** (૩૦)

**અ -૧**

૧. ચતુર્વિધ સંઘે સવારે અને સાંજે પ્રતિક્રમણમાં બોલવાનું હોય.

૨. સાધુ-સાધ્વી ગોચરી વ્હોરીને આવે, એટલે બીજા શ્રમણ સૂત્ર, અને ઇરિયાવહિયાનો કાઉસ્સગ્ગ કરવાનો.

૩. શ્રાવક - શ્રાવિકા ૧૦મું વ્રત કરે ત્યારે, ગોચરી વ્હોરીને આવે ત્યારે, આ પ્રમાણે જ કાઉસ્સગ્ગ કરે. ગોચરી સંબંધી દોષથી નિવર્તવા માટે બીજું શ્રમણ સૂત્ર છે.

૨.

| | કેટલા પ્રકારે | માટે થાય |
|---|---|---|
| ૧. સંસારી જીવનાં | ૫૬૩ | ૫૬૩ |
| ૨. તેની હિંસા ૧૦ પ્રકારે થાય અભિહયાથી વવરોવિયા | ૫૬૩ X ૧૦ = | ૫૬૩૦ |
| ૩. હિંસા રાગ અને દ્વેષથી થાય | ૫,૬૩૦ X ૨ = | ૧૧,૨૬૦ |
| ૪. હિંસા મન - વચન અને કાયાથી થાય – ૩ યોગથી | ૧૧,૨૬૦ X ૩ = | ૩૩,૭૮૦ |
| ૫. ૩ કરણ કરવું, કરાવવું, અનુમોદવું. | ૩૩,૭૮૦ X ૩ = | ૧,૦૧,૩૪૦ |
| ૬. ભૂતકાળ, વર્તમાનકાળ, ભવિષ્યકાળ ૩ કાળમાં થાય | ૧,૦૧,૩૪૦ X ૩ = | ૩,૦૪,૦૨૦ |
| ૭. પંચપરમેષ્ઠિ અને પોતાની આત્માની સાક્ષીએ મિચ્છામિ દુક્કડમ | ૩૦૪૦૨૦ X ૬ = | ૧૮,૨૪,૧૨૦ |

**૩.** નિંદ્રાના દોષથી નિવૃત થવા માટેનું પ્રથમ શ્રમણ સૂત્ર શય્યા સૂત્ર છે. વગર પૂંજ્યે હાથ પગ હલાવીએ, શરીર ખાંજોળી યે, અયત્નાથી છીંક, ઉધરસ, બગાસુ ખાઈએ, જૂ આદિ કચરાય જાય. આમ કાયાથી દોષ લાગે. પ્રથમ શ્રમણ સૂત્ર શય્યા સૂત્ર છે.

**૪. ખાલી જગ્યા પૂરો**

પશુઓનું ઉપર ઉપરથી ખાવું તેને **ગોચર** કહે છે. તેના માટે ગાય ગતિ ભ્રમણ કરે છે તેથી તેને **ગોચરચર્યા** કહે છે. પુણ્ય અર્થે કાઢેલો ભોજનનો પહેલો થોડો ભાગ **અગ્રપિંડ** કહે છે. સૂત્રનાં રહસ્યો જાણી તેનો ઉપદેશ આપે તે **ધર્મ કથા** છે. સાધકને દિવસના **પ્રથમ અને ચોથા** પ્રહરે એમ બે વાર પ્રતિલેખન કરવાનું હોય. દુષ્ટ ધ્યાન **આર્ત-રૌદ્ર ધ્યાન** છે.

૪. સૂત્રનું અને અર્થનું પુનરાવર્તન કરે જેથી ભૂલાઈ ન જાય.

**બ. નીચેના મૂળ પાઠ લખો** (૧૦)

**૧.** ખાતરખણી ગાંઠડી છોડી તાળું પર કુંચીએ કરી પડી વસ્તુ ધણીયાતી જાણી

**૨.** ઉભઓકાલં **ભંડોવગરણસ્સ અપ્પડિલેહણાએ દુપ્પડિલેહણાએ અપ્પમજ્જણાએ** દુપ્પમજ્જાણાએ

**૩.** સચ્ચં **અણુત્તરં કેવલિયં પડિપુન્નં નેઆઉયં** સંસુદ્ધં

**૪.** કઓ **કાઈઓ વાઈઓ માણસિઓ ઉસ્સુત્તો** ઉમ્મગ્ગો

**૫.** અરિહંતેસરણં પવજ્જામિ, સિદ્ધે સરણં પવજ્જામિ, સાહૂસરણં પવજ્જામિ, કેવલિ પન્નતં ધમ્મં શરણં પવજ્જામિ.

**ક. નીચેના શબ્દોનાં અર્થ લખો.** **(૫)**

| | | | |
|---|---|---|---|
| **૧.** | સંકિએ | - | શંકાવાળો આહાર લેવા વડે |
| **૨.** | સજ્ઝાયસ્સ | - | સ્વાધ્યાયને |
| **૩.** | કક્કરાઈએ | - | શય્યાનાં દોષો બોલવાથી, કચકચ કરવાથી |
| **૪.** | ઓસહ | - | ઔષધ |
| **૫.** | સત્થ | - | શસ્ત્ર |
| **૬.** | કુવિય | - | ઘર વખરી |
| **૭.** | અસાવગ | - | શ્રાવકને નહિ કરવા યોગ્ય |
| **૮.** | મોસોવએસે | - | ખોટો ઉપદેશ, ખોટી સલાહ આપવી |
| **૯.** | વિહુય | - | રહિત |
| **૧૦.** | ભંતે | - | હે પૂજ્ય ! |

**ડ. નીચેના અર્થનું મૂળ પાઠ લખો.**

| | | | |
|---|---|---|---|
| **૧.** | આરોગ્ય | - | આરૂગ્ગ |
| **૨.** | ચિંતન કરવા માટે | - | ચિન્તવનાર્થં |
| **૩.** | અશુધ્ધભિક્ષા | - | અપરિસુદ્ધં |
| **૪.** | આકુળતા વ્યાકુળતાથી | - | આઉલ માઉલાએ |
| **૫.** | મનને અતિવહાલું | - | મણામં |

**પ્રશ્ન -૨ નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૭)**

૧. જૈન કુળ, આર્ય ક્ષેત્ર,સંત સમાગમ, જિનવાણી, સમ્યગ દર્શન, શ્રાવકપણુ અને સાધુપણુ મળવું. અતિ દુર્લભ છે.

૨. શ્રાવકનું બીજુ નામ શ્રમણોપાસક છે. મન - વચન – કાયાથી શ્રમણોની પર્યુષાસના કરે છે. તેથી શ્રમણોપાસક કહેવાય છે.

૩. ૧૫ કર્મભૂમિ + ૫ સંજ્ઞી તિર્યંચ એમ ૨૦ પર્યાપ્તા ભેદ શ્રાવકનાં છે. શ્રાવક મરીને જ. ૧લા દેવલોક અને ઉત. ૧૨મા દેવલોક સુધી જાય.

૪. આનંદ શ્રાવકને પ્રાપ્ત થયેલ અવધિજ્ઞાનમાં ગૌતમ સ્વામીએ શંકા કરી, તો ભગવાને ગૌતમ સ્વામીને આનંદ શ્રાવકની ક્ષમા માંગવા તેમના ઘરે મોકલ્યા.

૫. જોડકા જોડો.

| | | |
|---|---|---|
| ૧. | – | ૩ |
| ૨. | – | ૬ |
| ૩. | – | ૫ |
| ૪. | – | ૨ |
| ૫. | – | ૧ |
| ૬. | – | ૪ |

**પ્રશ્ન -૩ નવ તત્વના આધારે જવાબ લખો.**

**અ. નીચેના શબ્દોની વ્યાખ્યા લખો.**

પ્રશ્ન :- (૧) નિશ્ચયનય થી જીવ તત્વ (૨) અકર્મભૂમિ (૩) અનંતાનુબંધી (૪)અનુપૂર્વી (૫) એકત્વ ભાવના.

(૧) જ્ઞાન, દર્શન તથા ચારિત્રરૂપ નિજગુણોનો ભોકતા છે. જીવના સ્વરૂપને **જીવ તત્વ** કહેવાય છે.

(૨) ૩ પ્રકારના વ્યાપાર રહિત કલ્પવૃક્ષે કરી જીવન જીવે તેને **અકર્મ ભૂમિ** કહે છે.

(૩) અનંતનો અનુબંધ કરાવે, અનંતો સંસાર વધારે, સમક્તિ ન થવા દે જે કષાય જીવન પર્યંત રહે તે અનંતાનુંબંધી છે.

(૪) અનુપૂર્વી : જીવને એક ગતિમાંથી બીજી ગતિમાં લઈ જનાર કર્મ, વિગ્રહ ગતિએ જતા જીવને દોરી જનાર કર્મ એટલે અનૂપૂર્વી.

(૫) એકત્વ ભાવના : આ જીવ એકલો આવ્યો અને એકઅલો જ જશે. એકલો સુખ દુઃખ ભોગવે છે તેનું કોઈ સાથી નથી.

**બ. નીચેના પ્રશ્નોના વિસ્તારથી જવાબ લખો.**

૧. આવતા કર્મને રોકે, ૮ કર્મનો નાશ કરે, સંયમ રૂપ આચરણને ચારિત્ર કહેવાય છે. સૂક્ષ્મ સંપરાય ચારિત્ર એટલે સૂક્ષ્મ લોભરૂપ કષાય ઉદયમાં રહે તે. શ્રેણીમાં ચડતાં અને ઉપશમ શ્રેણીથી પડતાં ૧૦મા ગુણ સ્થાને આ ચારિત્ર લાભે છે. ઇરિયા સમિતિ એટલે જયણા રાખી, ઉપયોગપૂર્વક ધુંસરા (સાડા ત્રણ હાથ) પ્રમાણ જમીન નજરે જોઈ ચાલવું તે.

૨. નવતત્વની યથાર્થ શ્રધ્ધાથી સમક્તિ મોહનીય તોડી, દેવ, ગુરૂ, ધર્મનું સાચું સ્વરૂપ જાણી સમક્તિ પ્રાપ્ત કરી, ક્રોધ, માન, માયા, લોભ ચાર કષાયોને ઉપશાંત કે ક્ષય કરી, ચારિત્ર મોહનીય તોડી, મોક્ષ માર્ગની આરાધના કરી, મોક્ષ પ્રાપ્ત થઈ શકે છે.

(૧) દુઃખ, પ્રતિકૂળતા, અનિષ્ટનો સંયોગ પાપ કર્મના ઉદયથી મળે છે તેથી આર્તધ્યાન ન કરતા સમભાવ રાખવો.

(૨) પાપનો ડર રાખી આત્માને હળુકર્મી બનાવવા ૧૮ પાપનો ત્યાગ કરવો.

(૩) દુઃખનું મૂળ પાપ છે, પાપનું મૂળ હિંસા છે. હિંસાથી અશાતા બંધાય છે. માટે પાપના સ્વરૂપને જાણી પાપનો ત્યાગ કરવો.

(૪) પુણ્ય કરવું સહેલું છે પણ પાપ છોડવું અઘરું છે. આ વાત જાણી પાપનો ત્યાગ કરવો અને સમભાવે દુઃખ સહન કરવા.

૩. જેના કારણે શરીરમાં ઉષ્ણાતા રહે, આહારને પચાવે તે તૈજસ શરીર. તેજોલબ્ધિથી તેજોલેશ્યા (ઉષ્ણ કે શીત પુદ્ગલોને) છોડવામાં કારણભૂત શરીર એટલે તૈજસ શરીર. જેકર્મના ઉદયથી એવા અંગ મળે કે બીજાની ઘાત થાય. સાપની દાઢનું ઝેર, સિંહના નખ. જેના ઉદયથી જીવ બીજા માટે અજેય બની જાય બીજાને પ્રભાવિત કરે તેને પરાઘાત નામ કહેવાય.

| શાતાવેદનીય | આયુષ્યકર્મ | નામકર્મ | ગોત્રકર્મ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | દેવ, મનુષ્ય, તિર્યંચ ૩ | ૩૭ | ૧ | ૪૨ |

૪.

| ક્ષેત્રનું નામ | ભરત | ઇરવત | મહાવિદેહ | હેમવય | હિરણ્યવય | હરિવાસ | રમ્યક્પાસ | દેવકુરૂ | ઉત્તરકુરુ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| જંબુદ્વીપ | ૩ | ૩ | ૩ | ૩ | ૩ | ૩ | ૩ | ૩ | ૩ |
| ધાતકીખંડ | ૬ | ૬ | ૬ | ૬ | ૬ | ૬ | ૬ | ૬ | ૬ |
| અર્ધપુષ્કર | ૬ | ૬ | ૬ | ૬ | ૬ | ૬ | ૬ | ૬ | ૬ |
| કુલ ભેદ | ૧૫ + | ૧૫+ | ૧૫=૪૫ | ૧૫ + | ૧૫+ | ૧૫+ | ૧૫+ | ૧૫+ | ૧૫=૯૦ |

| | |
|---|---|
| કર્મ ભૂમિના મનુષ્યના ભેદ | + ૪૫ |
| અકર્મભૂમિના મનુષ્યના ભેદ | + ૯૦ |
| તથા લવણ સમુદ્રમાં અંતરદ્વીપના ૫૬X ૩= | ૧૬૮ |
| | ૩૦૩ |

મનુષ્યના કુલ ૧૦૧ ભેદ

૧૦૧ X૩ =૩૦૩

૫. આત્માના પ્રદેશથી, બાર ભેદે તપ કરી, દેશથકી કર્મનું નિર્જરવું, ઝરીને દૂર થઈ જવું. પૂર્વે કરેલાં કર્મ તપ કરી ક્ષય કરવા, નિર્જરવું તેને નિર્જરા તત્વ કહેવાય.

દ્રવ્ય નિર્જરા : કર્મ પુદ્ગલનું આત્મ પ્રદેશથી છૂટા પડવું.

ભાવ નિર્જરા : આત્માનાં શુધ્ધ પરિણામે, કર્મની સ્થિતિ પોતાની મેળે પાકે અથવા ૧૨ પ્રકારના તપથી કર્મ પરમાણુને નીરસ કર્યા તે છૂટા પડે ત્યારે આત્મામાં જે પરિણામ થાય તે ભાવ નિર્જરા.

ઉણોદરી : ન્યુનતા કરવી, ઉપકરણ, આહાર, પાણી કે કષાય ઓછાં કરવા તે.

વૈયાવચ્ચ તપ : ગુરૂ, તપસ્વી, રોગી કે નવદીક્ષિત ને અન્ન, પાણી, વસ્ત્ર, ઔષધ આદિ લાવી દઈ, સેવા કરવી તે.

**ક. અંકમાં જવાબ લખો.**

૧. ૩૪. ૨-૧૫. ૩-૫૪-૧૦.૫-૨૫. ૬-૮૨. ૭. -૯. ૮. ૫૬. ૯.-૧૦. ૧૦-૪૮

**ડ. એક શબ્દમાં જવાબ લખો.**

૧. કર્મભૂમિ

૨. તિર્યંચ

૩. પરમાધામી

૪. નિર્માણ નામ

૫. પ્રચલા પ્રચલા

૬. વીતરાગતા

૭. અરતિ

૮. વીર્યાંતરાય

૯. સાહત્થિયા

૧૦. મોક્ષ માર્ગમાં સ્થિર રહેવા.

ઈ. જોડકા જોડો.

| | |
|---|---|
| ૧-૪ | ૨-૮ |
| ૩-૧ | ૪-૧૦ |
| ૫-૨ | ૬-૯ |
| ૭-૫ | ૮-૩ |
| ૯-૭ | ૧૦-૬ |

પ્રશ્ન -૪ આગમને આધારે જવાબ લખો.

૧. જૈન ધર્મના મૂળ આધાર રૂપ, (૧૧ અંગસૂત્રો, ૧૨ ઉપાંગસૂત્રો, ૪ મૂલસૂત્ર અને આવશ્યક સૂત્ર ૪ છેદસૂત્રો) ૩૨ આગમ છે. આગમ આત્માની ગમ અર્થાત્ સમજણ આપે છે. આગમ દ્વારા જીવ, અજીવ આદિ છ દ્રવ્યનું જ્ઞાન થાય છે.

૨. ઠાણાંગ સૂત્રમાં – ૧ બોલ, બે બોલ એમ દશ બોલ સુધી જુદા જુદા બોલો દ્વારા વિવિધ વિષયોનું વર્ણન છે. સમવાયાંગ સુત્રમાં ૧,૨,૩ થી ક્રોડાક્રોડ બોલનું વર્ણન તથા ૬૩ શ્લાઘનીય પુરુષોનું વર્ણન દ્વાદશાંગીનું વર્ણન છે.

૩. જે સૂત્રોને નવમાં પૂર્વમાંથી છિન્ન એટલે કે અલગ કરવામાં આવ્યા છે અને છેદો ૫. સ્થાપનીય ચારિત્રના અનુરૂપ જેમાં પ્રાયશ્ચિત બતાવ્યા છે. તે છેદસૂત્ર છે. (તેની સંખ્યા ૪ છે.)

૪. પાંચ જ્ઞાનનું વર્ણન **નંદીસૂત્ર** આગમમાં છે. ચાર અનુયોગનું વિવરણ **અનુયોગદ્વાર સૂત્ર** આગમમાં છે.

૫. દશા શ્રુતસ્કંધ સૂત્રમાં અસમાધિ સ્થાન, સબલાદોષ, અશાતાના, આચાર્યની સંપદા, પડિમા આદિનું વર્ણન છે.

૬. જોડકા જોડો.

૧-૩

૨-૫

૩-૧

૪-૨

૫-૬

૬-૪

પ્રશ્ન -૫ કથાના આધારે જવાબ લખો.

૧. વિચરતા પ્રભુ રાજગૃહીના ગુણશીલક ઉદ્યાનમાં પધાર્યા. ત્યાં નગરજનો સાથે શ્રેણિક રાજાના પુત્ર મેઘકુમાર પણ ગયા. ભગવાને શ્રુત ધર્મ અને ચરિત્ર ધર્મનો ઉપદેશ આપ્યો. જીવ કયાં પ્રકારે કર્મથી મુક્ત થાય છે? કયા પ્રકારે કર્મ બંધાય છે? સુખ દુઃખ કઈ રીતે બાંધે છે? અમૃતમય વાણી સાંભળી, મેઘકુમારે ભાવવિભોર થઈ. ભગવાન પાસે સંયમના ભાવ પ્રગટ કર્યા. શુભકાર્યમાં વિલંબ ન કરવાની ભગવાનની વાત સાંભળી. માતા-પિતા પાસે સંયમની અનુમતિ માંગી. લાડકવાયા પુત્રને સંયમમાર્ગની કઠિણાઈ સમજાવી. પરંતુ દૃઢ વૈરાગ્ય ભાવ સામે, એક દિવસનો રાજ્યાભિષેક કરી, ઉત્સાહ અને ઠાઠમાઠથી દીક્ષા મહોત્સવ કરાવ્યો. ભગવાને સ્વયં દીક્ષા આપી. મુનિ જીવનની મર્યાદાઓ બતાવી. દીક્ષાની પ્રથમ જ રાત્રી. આગલી રાત સુખશય્યામાં અને આજે ભૂમિ પર સંસ્તારક પાથરી સૌથી છેલ્લે સૂતાં હતા. વડીલ સંતો લઘુશંકા, સ્વાધ્યાય, પરિપ્યટ્ટણા, ચિંતન માટે આવજા કરવાથી કોઈનો પગ લાગે, કોઈ મુનિનો હાથ ટકરાય, માથા ઉપર, પેટ ઉપર, એમ કોઈની પગની રજ લાગે, તેથી ઊંઘ ન થઈ. ભૂમિ શયન અને અપમાનની અને તિરસ્કારની લાગણીથી ગૃહસ્થ થવાના વિચાર સાથે ભગવાનની પાસે ગયા. ભગવાને પોતાના પૂર્વભવમાં પાળેલી સસલાની દયા ને યાદ દેવડાવી જાતિ સ્મરણ જ્ઞાન થયું. હાથીના ભવમાં અજ્ઞાનતાથી પણ દયા પાળી અને એને વડીલ ગુરૂબંધુની રજથી નાશીપાશ થઈ ગયો. તેનો ભગવાન પાસે પસ્તાવો કરે છે. શેષ જીવન ભગવાનની આજ્ઞામાં અને આરાધનામાં જોડી કલ્યાણ સાધ્યું.

૨. મૃગાદારકને નાનપણથી ભસ્મક નામનો રોગ થયો હતો. આગલા જન્મમાં ખુબ જ અશાતાવેદનીય કર્મનો બંધ કર્યો હતો શતદ્વાર નગરમાં વિજય વર્ધમાન નામના ખેડનો અધિપતિ ઈકાઈ રાઠોડ હતો. ઘણો જ અધાર્મિક, ક્રુર અને પાપમય જીવન જીવતો હતો. ઘણો જ કરબોજ નાંખ્યો હતો. તે વસુલ કરવા પ્રજાને ખૂબ પીડા આપતો. કઠોર દંડ આપે, ખોટા આરોપ લગાવે, મારે, પીટે, વધ કરે,

લોકોનું ધન લૂંટી લે. ચોરી દ્વારા લૂંટ કરાવે, આમ સતા અને સંપત્તિના નશામાં ઘણા પાપ ઉપાર્જન કર્યા. ૧૬ જાતનાં રોગ ઉત્પન્ન થયા. ત્યાંથી નરકમાં ગયો અને નરકમાંથી મૃગાદારક રૂપે જન્મ થયો. ગર્ભમાં આવતાંની સાથે જ માતાની પણ પીડા વધતી ગઈ અને જન્મતાંની સાથે જ કોઈ ઇન્દ્રિય ન મળી. ફક્ત નિશાન જ હતા અને લોહી પરૂ વહેતા હતા. ભોજનનું પણ તુરંત લોહી અને પરૂમાં રૂપાંતર થઈ જતું. આવો મહાભયંકર રોગ ભસ્મક થયો હતો.

૩. દશાર્ણભદ્ર રાજા ભગવાન જ્યારે દશાર્ણપુર નગરમાં પધાર્યા ત્યારે ઠાઠ માઠ અને અહંકારથી ભગવાનના દર્શન કરવા જાય છે. ઇન્દ્રએ તેનું અભિમાન ઉતારવા તેની સામે પોતાનો વૈભવ બતાવ્યો. આઠ મુખવાળા હાથીના પ્રત્યેક દંતશૂળ પર પુષ્કરીણી તેમાં કમળ કમળની પાંદડી પર ૩૨ નાટક આવી અપાર રિદ્ધિ જોઈ દશાર્ણભદ્ર રાજા અવાચક બની ગયા. પોતાનો વૈભવ ઝાંખો લાગવા લાગ્યો તે વિચારે છે આ ઐશ્વર્ય અને સુખ વૈભવ તો પૂર્વે અહિંસા, સંયમ અને તપ રૂપ ધર્મનું આચરણ કર્યું હોય તેને જ પ્રાપ્ત થાય. હું પણ આવા ધર્મની આરાધના કરું. સંસાર પ્રત્યે વૈરાગ્ય ઉત્પન્ન થયો. સંયમ પાલન દ્વારા મોક્ષરૂપી લક્ષ્મી અને દેવ લોકની ઋદ્ધિ મળે છે. સંયમ લેવાની તીવ્ર ભાવના જાગૃત થઈ.

૪. વિપુલગિરિ, આત્મિક ઋધ્ધિ.

**જય જિનેન્દ્ર**